



# ગઝલ ગુલદસ્તો - 2

## (11 કવીઓનો સંયુક્ત ગઝલસંગ્રહ– 'પગથાર')

કવીશ્રી મગન મકવાણા સંચાલીત ફેસબુક ગ્રુપ 'ગઝલ તો હું લખું' દ્વારા ગઝલશીક્ષણ મેળવી રહેલા કવીઓ પૈકી **11** કવીઓના સંયુક્ત ગઝલસંગ્રહ 'પગથાર'માંથી આજે બીજા તબક્કામાં **5** કવીઓની **12** રચનાઓ માણીશું.

**.1.**

એટલા શુષ્ક શ્વાસ ચાલે છે,
ફુંક મારું તો આગ લાગે છે.

જીન્દગી છે પ્રવાસ એવો કે,
જીવવાનોય થાક ભારે છે.

એ તરફથી સુગંધ જે આવે,
એ તરફ કોઈ બાગ જાણે છે.

ભુખ જોતી નથી કશું, સુકા–
રોટલામાંય સ્વાદ આવે છે.

ફુલ રોપ્યાં છે ફુલદાનીમાં,
મહેક તેથી ઉદાસ ભાસે છે.

**.2.**

સ્હેજ કડવું સ્વાદમાં લાગ્યા પછી,
લોક થુંકી નાંખશે ચાખ્યા પછી.

એ જ તો મહીમા ખરો છે દાનનો,
કોઈને કહેવું નહીં; આપ્યા પછી.

શબ્દમાં થોડું વજન મુકી જુઓ,
કોઈ સમજે નહીં જો સમજાવ્યા વગર.

પુરી દીધો મેં સમય ઘડીયાળમાં,
એને ચારે બાજુથી કાપ્યા પછી.

પીંછી હળવા હાથથી ફેરવ જરા,
રંગ ઉખડશે નહીં; લાગ્યા પછી.

**પ્રવીણ જાદવ**

**કવી સંપર્ક:** 20, ઓમ બંગલોઝ, જકાતનાકા પાછળ, સાંગોળપુરા રોડ, આણંદ–388001
Mobile- 9898629759, eMail: punjami08@gmail.com

## .3.

લાગણીનો હીસાબ રાખે છે,
હાથમાં તે કીતાબ રાખે છે.

દીવ્યતા સત્યની ભરીને તું,
આંખમાં આફતાબ રાખે છે.

છુટતો જ્યાં સવાલોનો વંટોળ,
ત્યાં વીચારે નકાબ રાખે છે.

પાનખરની મનોદશા વચ્ચે,
વટ વસંતી ગુલાબ રાખે છે.

શબ્દના કોરડે ટીખળ જોડી,
અક્ષરે કીનખાબ રાખે છે.

છે ચહેરા ઉપર ખુશીની લહેર,
દર્દમાં પણ રુઆબ રાખે છે.

## .4.

સર્વવ્યાપી આપ છો; પણ હું નથી,
કોઈનું જીવન રસાયણ હું નથી.

એમનો વરતાવ આજે છે અલગ,
છે અગર એ ખુદા; તો કારણ હું નથી.

એ હૃદયમાં ફક્ત મારો પ્રેમ છે,
તોય શ્વાસોની ભલામણ હું નથી.

આંખમાં લહેરાઈ લહેરો યાદની,
જાગરણમાં જાગતી ક્ષણ હું નથી.

લખ ઉગમણાં દૃશ્ય દોર્યા રેતમાં,
હાથથી ભુંસાતી રજકણ હું નથી.

શીતલ ગઢવી

**કવી સંપર્ક:** A/10, વૃંદાવનવીહાર ફ્લેટ–2, ધરણીધર દહેરાસર પાછળ, વાસણા, અમદાવાદ–7
Mobile- 9974581290, eMail: mannzeel10@gmail.com

**.5.**

રોફ કે તલવાર કે ના રાજથી,
જીવવાનું પોતીકા અંદાજથી.

નાસમજ ખંડીત કરે જીવન–વીણા,
રાગ–જીવન તુટશે એ સાજથી.

સૌ ટહુકા મોરના બેકાર છે,
મેઘ તો આનંદ આપે ગાજથી.

હા, કમર કસવી પડે અર્જુન થવા,
કૌરવો થથરે નીશાનેબાજથી.

ચાલ, મનવા! આપણે વીસ્તારીએ,
સાંકડી સમજણ ક્ષીતીજો આજથી.

**.6.**

સાચું કહું? ભગવાન તો તું પણ નથી; હું પણ નથી,
માનવ ખરા, શયતાન તો તું પણ નથી; હું પણ નથી.

ક્યારેક છોકરમત હવે ખંખેરવી પડશે બધી,
જો, આખરે નાદાન તો તું પણ નથી; હું પણ નથી.

ચડવી તબક્કાવાર સીડીઓ પડે માનવ થવા,
પામ્યા પ્રથમ સોપાન તો તું પણ નથી; હું પણ નથી.

'અર્જુન' કે 'ગોવીંદ' ઓળખનામ રાખ્યે શું વળે?
અંતીમ ગીતાજ્ઞાન તો તું પણ નથી; હું પણ નથી.

અપમાન કે સન્માન, વૃત્તીની કમાણી છે અસલ,
વરદાનથી ગુણવાન તો તું પણ નથી; હું પણ નથી.

ગુણવંત વૈદ્ય

**કવી સંપર્ક:** 42, Lemox Road, Hill Top, West Bromwich, B70 0QT, UK
Mobile- 00447958736682, eMail: gunvantvaidya@outlook.com

**.7.**

એક ખીસકોલી મળી ગઈ જોતજોતામાં,
બેખબર હું આથડી ગઈ જોતજોતામાં.

અંધકારે તરફડી પાંખો પતંગીયાની,
રાત મદમાતે સરી ગઈ જોતજોતામાં.

આણું લઈ આવી છે કીડીબાઈ પીયરથી,
ગાલ પર ચુંબન કરી ગઈ જોતજોતામાં.

એક સસલી ખાય છે તરણું મજેથી, ને
વાત હોઠેથી કહી ગઈ જોતજોતામાં.

એક મંતરેલું વળી પહેર્યું જ્યાં માદળીયું,
ચાંચ ચકલીની વળી ગઈ જોતજોતામાં.

આજ દરીયો હાંફશે, બ્લુ વ્હેલ છે ભારી;
ખુબ મોજેથી તરી ગઈ જોતજોતામાં.

**.8.**

યુગોની નીરાંતે સુહાગણ બની છું,
કદી દીપ તો ક્યાંક દરપણ બની છું.

ઉપાડ્યાં કદમની મથામણ બની છું,
અજાણી ગલી, તારું સગપણ બની છું.

વળી હાથ ખાલી ને રેખાઓ સુકી,
વીધાતા કને રોજ માગણ બની છું.

નડ્યા ખુદના લીધે બેહદ જે વહેમો,
મુકમ્મલ સફરની વીમાસણ બની છું.

મને આયખાની આ સાંજો નડી છે,
ફરી શ્યામ રાતોની સાજણ બની છું.

ભલે બાતમી હસ્તરેખાએ દીધી,
'હવે શું થશે'ની મથામણ બની છું.

**નલીનીસીંહ સોલંકી 'નીશી'**

**કવી સંપર્ક:** C/403, શ્રવણ એન્ક્લેવ, જયઅંબે વીદ્યાલય પાસે, એમ.એસ.હૉસ્ટેલ પાછળ, સમા–સાવલી રોડ, વેમાલી, વડોદરા–390008, eMail : nalineesinhsolanki@gmail.com

Mobile - 9998661267

## .9.

કોઈ જુએ નહીં, એ એવી જગ્યાએ બેઠો છે;
લાગે છે કે, એ ખોટી જગ્યાએ બેઠો છે!

આ અણધાર્યો બદલાવ અમસ્તો તો આવે નહીં;
સહેજ જુઓને, એ કોની જગ્યાએ બેઠો છે!

એ ભાઈ! મારો નહીં ધક્કા, જાય હજી ક્યાં દુર?
ખસતાં ખસતાં એ છેલ્લી જગ્યાએ બેઠો છે!

કોઈ કોઠું દેશે નહીં, એને કોઈ વાતે,
અહીં, નહીં તો ત્યાં; એ ચોથી જગ્યાએ બેઠો છે!

કુદે છે? કુદવા દો, જોવા તો મળશે મીત્રો,
કોઈ નક્કર કે એ બોદી જગ્યાએ બેઠો છે!

માના ખોળે રમતાં બાળકનો જોયો છે ઠાઠ?
જગની સૌથી, એ મોંઘી જગ્યાએ બેઠો છે!

## .10.

ફુલને ભમરો નથી સ્પર્શ્યો જરી,
વાયરાએ વાત ત્યાં વહેતી કરી!

પુષ્પ ડાળીએ મજાનું એકલું,
ઝુલતું'તું શ્વાસમાં ખુશબો ભરી.

પાંખડીઓ કેમ કરમાઈ હશે?
લાગ જોઈ લાગે છે, છેડી ખરી!

પર્વતે ટોક્યો, નદીએ ઝાટક્યો,
સુર સહુનો એક છે: 'ભારે કરી! '

કામ આવી મીત્રતા ત્યાં ઓસની,
દોડી આવી તુર્ત ને હામી ભરી!

કેદમાં છે સાંજથી ભમરો સ્વયં,
વાયરો કહેશે ફરી? 'જુઓ જરી!'

**.11.**

મારી સામે જોઈ, અટકી છે,
સૌને ત્યારે એ બહુ ખટકી છે.

લીલીછમ રહેશો તો શુભ થાશે,
સુકાયેલી ડાળ જ બટકી છે.

અફવા એવી બળકટ થઈ ચાલી,
પાછળ સમજણ ઘરઘર ભટકી છે.

કેમ હજી છે ચુપ સભામાં સૌ,
કોઈ કમાન હજી ક્યાં છટકી છે?

ચાલો, રંગીએ કોઈ ચહેરો,
જ્યાં આકંઠ ઉદાસી લટકી છે.

## .12.

તોડ નીકળે કુરાન–વેદથી?
સામ–દામ કાં તો દંડ–ભેદથી!

જોઈને જનાજા, બોલી બાળકી,
હાલો, હુંય ઢીબી નાખું બેદથી.

એ વધુ કશું નહીં કરે હજી,
આકરામાં આકરા જ ખેદથી!

શોધવું તો પડશે, છે જરુરી એ,
ગોળી આવી છે કયા એ છેદથી!

તું ફરી શકે ત્યાં, પણ ના રહી શકે,
થાય છે અનર્થ બહુ આ ભેદથી!

મગન મકવાણા 'મંગલપંથી'
**કવી સંપર્ક:** આર–3, સરદાર પટેલ સોસાયટી, નવા અનાજ માર્કેટ યાર્ડની પાછળ, મઘીયા, ધોળકા–387810, જી. અમદાવાદ
Mobile- 9974928932, eMail: mangalpanthi@gmail.com


'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો સુરતના યુવાગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

@@@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : ચૌદમું – અંક : – 418 – January 20, 2019

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@



# પગથાર

## અમુક ઊંચાઈએ પહોંચ્યાંનો આનંદ

'પગથાર' એ ફેસબુક ગ્રુપ 'ગઝલ તો હું લખું' નો ચોથો સંયુક્ત ગઝલસંગ્રહ છે.

'ગઝલ તો હું લખું' ગ્રુપ ઓગસ્ટ ૨૦૧૧થી ફેસબુક પર ગઝલના પ્રચાર-પ્રસાર માટે કાર્યરત છે. નવોદિતોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગ્રુપમાં ગઝલનાં છંદ, બંધારણ અને શેરિયત અંગે ચર્ચા કરવામાં આવે છે. ગઝલલેખનમાં વ્યાકરણશુદ્ધિ અને ભાષાશુદ્ધિ જળવાય, તે માટે ગ્રુપમાં એક 'નાનકડી પણ મજાની વાત' નામે શ્રેણી ચલાવવામાં આવે છે. જેમાં, ભાષાસજ્જતાને સ્પર્શતા મુદ્દાની વિસ્તૃત છણાવટ કરવામાં આવે છે. સંચાલકમંડળ, ગ્રુપમિત્રો અને શુભચિંતકોના સહકાર થકી જ આજે 'પગથાર' સુધી પહોંચી શકાયું છે.

'પગથાર' સુધીનું દરેક પગથિયું ચડવામાં શ્રી ભાવેશ શાહ, યોગેન્દુ જોષી, શ્રી અશોક જાની અને ચિરાગ ઝા 'ઝાઝી' એ સતત સંપર્કમાં રહીને માર્ગદર્શન અને હૂંફ આપ્યાં છે.

શ્રી કાંતિ વાછાણીએ મુખપૃષ્ઠ સજાવટ ને લેઆઉટ/ટાઈપસેટિંગનું કામ ચોકસાઈપૂર્વક કરી આપ્યું છે.

'પગથાર' સુધી પહોંચેલાં કવિમિત્રોની ગઝલો વાંચીને ભાવપૂર્વક પ્રસ્તાવના લખી આપનાર કવિશ્રી કિરણસિંહ ચૌહાણનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આપનાં સૂચનો અને પ્રતિભાવોનો ઈંતજાર રહેશે.

'ગઝલ તો હું લખું' ગ્રુપ વતી<br>
મગન મકવાણા 'મંગલપંથી'<br>
ધોળકા.

'ગઝલ તો હું લખું' ગ્રુપનાં અન્ય પ્રકાશનો

ગુજરાતી ભાષાની સર્જાયેલી અને સર્જાતી આવી, પ્રશીષ્ટ કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું નામ, આઈડી.. વગેરે માહીતી મોકલી મને લખજો..

તમને પણ અમારી આ 'સન્ડે ઈ.મહેફીલ' દર પંદર દીવસે,

એક મેલ સાથે, અલગ પીડીએફમાં મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને
–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,59,79,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 1,18,04,000 have visited Digital Bhagwadgomandal http://www.bhagwadgomandal.com

More than 10,54,000 have visited Lokkosh http://lokkosh.gujaratilexicon.com

More than 12,54,000 have visited Global-Gujaratilexicon http://global.gujaratilexicon.com

@@@@@@@@@